ચિત્રલેખા

Mumbai 20 July, 2020

અડોશ પડોશ

# ગુજ્જુ યુવતીને પ્રતિષ્ઠિત ડાયના એવૉર્ડ

**મુંબઈઃ** દુનિયાભરના લોકો માટે કોરોના અભિશાપ બનીને આવ્યો, પણ કેટલાક એવા પણ છે કે જેમનાં કાર્યમાં એણે નવું જોમ પણ ફૂંક્યું છે. મુંબઈની ૨૧ વર્ષી મીરા મહેતા માટે એવું ચોક્કસ કહી શકાય.

કોવિડ-૧૯ વૉરિયર મીરા આમ તો શ્રીમદ્ રાજચંદ્ર લવ ઍન્ડ કૅર નામની એનજીઓ સંસ્થા સાથે નાની ઉંમરથી સંકળાઈને સેવા આપી રહી છે. એને તાજેતરમાં જ ડાયના એવૉર્ડથી સમ્માનિત કરવામાં આવી છે. ૧ જુલાઈએ પ્રિન્સેસ ડાયનાના જન્મદિવસે વર્ચ્યુઅલ એવૉર્ડ આપીને એનાં સેવાકાર્યનું સમ્માન કરવામાં આવ્યું. પ્રિન્સેસ ડાયના ઑફ વેલ્સ (બ્રિટન)ની યાદગીરીમાં આ બહુમાન ડાયના એવૉર્ડ ચૅરિટી દ્વારા આપવામાં આવે છે.



નવથી પચ્ચીસ વર્ષની ઉંમરનાં યુવાન-યુવતીને એમની માનવસેવા તેમ જ સામાજિક કાર્યને ધ્યાનમાં લઈને આ એવૉર્ડ આપવામાં આવે છે.

શ્રીમદ્ રાજચંદ્ર લવ ઍન્ડ કૅર દ્વારા થતાં સેવાકાર્યમાં મીરા ૧૦ વર્ષની ઉંમરથી જરૂરતમંદ લોકોના ઉદ્ધાર માટે ફંડ-ફાળો એકઠો કરવામાં સતત કાર્યરત રહી છે. શ્રીમદ્ રાજચંદ્રના રાકેશભાઈ ઝવેરી પાસેથી મીરા છેક બાળપણથી સેવાના અધ્યાત્મ સંબંધી માર્ગદર્શન મેળવતી રહી છે.

**મીરા મહેતા** કહે છે કે મને ગુરુદેવે વિવિધ સેવાકાર્યમાં કામ કરવાની પ્રેરણા આપી હતી. આજે પણ મને યાદ છે, જે દિવસે મેં સૌપ્રથમ આદિવાસી કૅમ્પની મુલાકાત લીધી હતી ત્યારે મને ગુરુદેવે કહ્યું હતુંઃ જેનું ભાગ્ય નબળું છે એવા લોકોને મદદ કરવી એ આપણું સૌભાગ્ય છે...

મીરા મહેતાએ એની દસ વરસની સામાજિક યાત્રામાં લગભગ દોઢ કરોડ રૂપિયાનો મોટો ફાળો ભેગો કર્યો છે.

આ ઉપરાંત, મીરાને ફંડફાળો એકઠો કરવા માટે ઘણા દેશ-વિદેશનાં અન્ય પારિતોષિકો પણ મળ્યાં છે...

મીરા હાલમાં શ્રીમદ્ રાજચંદ્ર લવ ઍન્ડ કૅરની ૩૬૦ ડિગ્રી કોવિડ-૧૯ રાહત કામગીરીમાં બહુ જોમ-જોશભેર સંકળાયેલી છે. ■ દેવાંશુ દેસાઈ (મુંબઈ)